Acknowledgements


## ઉપકૃત છું

મારા આ મહાનિબંધની તૈયારી દરમિયાન જે જે સંસ્થાઓ અને જે જે વ્યક્તિઓ તરફથી મને સહકાર મળ્યો છે એ સૌનો અત્રે અંતઃકરણપૂર્વક ઋણસ્વીકાર કરું છું.

સૌ પ્રથમ તો મારે ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી રસિકલાલ પરીખ અને ઉપાધ્યક્ષ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો આભાર માનવાનો છે કે જેમણે મને એ સંસ્થાના વિદ્યાર્થી તરીકે મારા આ મહાનિબંધની તૈયારી માટે સંસ્થાની સર્વ સાધનસામગ્રીનો છૂટથી ઉપયોગ કરવા દીધો છે.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના નિયામક પંડિત દલસુખભાઈ માલવણિયાનો પણ હું જેટલો આભાર માનું તેટલો થોડો છે, કારણ કે એમના સહકારથી જ હું એ સંસ્થાનાં, મારા સંશોધન માટે મહત્ત્વનાં, હસ્તલિખિત પુસ્તકોનો ઉપયોગ કરી શક્યો છું.

આ ઉપરાંત મારા પૂ. ગુરુવર્ય અધ્યા. કે. કા. શાસ્ત્રીએ આ મહાનિબંધની તૈયારીમાં અથેતિ સુધી મને જે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે તે બદલ એઓશ્રીના પ્રત્યેની મારી અસીમ આભારવશતાને હું કઈ રીતે શબ્દબદ્ધ કરું ?

મારા બીજા અનેક મિત્રોએ મને જે સહાય કરેલી છે એ બદલ એમના સૌજન્યનો એક મિત્ર તરીકે આભાર માનવાનો દંભ નહીં કરું.

—ધીરુ પરીખ